# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20.03.2026** **EVENING: 7.50 TO 8.0 PM**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*******************************************************

1. સરકારે ખાતરી આપી છે કે, બધી રિફાઇનરીઓ પર્યાપ્ત ક્રૂડ ઓઇલ ભંડાર સાથે સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે.
2. આર્મેનિયા-અઝરબૈજાન રૂટ દ્વારા 284 યાત્રાળુઓ સહિત 913 નાગરિકોને બહાર કાઢાયા.
3. સરકાર, શાળા છોડી દેનારા બાળકોને ઓળખવા અને નોંધણી કરાવવા માટે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કરશે.
4. ચૂંટણી પંચે ઇલેક્ટ્રોનિક અને ડિજિટલ મીડિયા પર રાજકીય જાહેરાતોનું નિયમન કરતો આદેશ જાહેર કર્યો.
5. સ્ક્વોશમાં, ભારતની તન્વી ખન્ના અને વીર ચોત્રાનીએ ઇન્ડિયન ઓપન 2026 ની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો

……………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ સમાચાર સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV. WEST ASIA- DAILY BRIEF

સરકારે ખાતરી આપી છે કે, બધી રિફાઇનરીઓ પર્યાપ્ત ક્રૂડ ઓઇલ ભંડાર સાથે સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે. સ્થાનિક LPG ઉત્પાદન સ્થિર છે અને પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

આજે નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ અંગે આંતર-મંત્રી સ્તરીય પત્રકાર પરિષદને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું કે, છેલ્લા અઠવાડિયામાં ગ્રાહકોને 11 હજાર 300 ટન કોમર્શિયલ LPGનો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો છે

(બાઇટ - સુજાતા શર્મા)

સુશ્રી શર્માએ વધુમાં જણાવ્યું કે, સ્થાનિક LPG ઉત્પાદનમાં 40 ટકાનો વધારો થયો છે અને રિટેલ આઉટલેટ્સ પર LPGની કોઈ અછત નથી.તેમણે કહ્યું કે,પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં થોડો વધારો થયો છે,જ્યારે નિયમિત પેટ્રોલના ભાવ યથાવત રહ્યા છે.કાળાબજાર અને સંગ્રહખોરી સામેની કાર્યવાહીમાં ગઈકાલે દેશભરમાં 4 હજાર 500 થી વધુ દરોડા પાડવામાં આવ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ જણાવ્યું કે, છેલ્લા 24 કલાકમાં કોઈ દરિયાઈ ઘટના નોંધાઈ નથી અને તમામ 22 જહાજો અને 611 ભારતીય નાવિક સુરક્ષિત છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, ભારતે આર્મેનિયા-અઝરબૈજાન રૂટ દ્વારા 284 યાત્રાળુઓ સહિત 913 નાગરિકોને બહાર કાઢ્યા છે.

(બાઇટ - રણધીર જયસ્વાલ)

## EVE WEST ASIA-CONFLICT

પશ્ચિમ એશિયામાં વધતાં સંઘર્ષથી ઈદ અલ-ફિત્ર અને નવરોઝની ઉજવણી ફીકી પડી ગઈ છે, કારણ કે હુમલાઓની શ્રેણી હવે આર્થિક સંપત્તિઓને સીધી રીતે નિશાન બનાવી રહી છે. જેમાં મહત્વપૂર્ણ ઉર્જા માળખા પર મોટા પાયે હુમલાઓનો સમાવેશ થાય છે.

ઈરાની રાજ્ય ટીવીએ આજે પુષ્ટિ કરી છે કે ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના પ્રવક્તા અલી મોહમ્મદ નૈનીનું ઇઝરાયલી હુમલામાં મૃત્યુ થયું છે. યુએઈમાં, મિસાઇલ અવરોધ અને કાટમાળ પડતાં હબશાન ગેસ સુવિધા અને બાબ તેલ ક્ષેત્ર જેવા મહત્વપૂર્ણ સ્થાપનો અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા હતા. કુવૈતે ગલ્ફ દેશમાં એક તેલ રિફાઇનરી પર ડ્રોન હુમલાની જાણ કરી હતી. કતારની રાસ લફાન સુવિધાને નોંધપાત્ર નુકસાન થયું હતું, અધિકારીઓએ લિક્વિફાઇડ નેચરલ ગેસ નિકાસ પર નોંધપાત્ર અસર થવાનો સંકેત આપ્યો હતો.

# NATIONAL DRIVE - OPEN SCHOOL

સરકાર, શાળા છોડી દેનારા બાળકોને ઓળખવા અને નોંધણી કરાવવા માટે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કરશે.શિક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, આ પગલું 2030 સુધીમાં પ્રાથમિકથી માધ્યમિક સ્તર સુધીના 100 ટકા કુલ નોંધણી ગુણોત્તરના રાષ્ટ્રીય શિક્ષણ નીતિના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

મંત્રાલયે જણાવ્યું કે, આર્થિક, સામાજિક અને ભૌગોલિક મર્યાદાઓને કારણે નિયમિત શાળામાં હાજરી આપી શકતા ન હોય તેવા બાળકો માટે ઓપન સ્કૂલિંગ એક સક્ષમ વિકલ્પ છે. જે શિક્ષણમાં પ્રવેશ, ગુણવત્તા અને અસરકારકતાને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

દેશભરમાં દસ હજારથી વધુ અભ્યાસ અને પરીક્ષા કેન્દ્રો સાથે, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ - NIOS સામાજિક, આર્થિક અને વ્યક્તિગત પરિસ્થિતિઓથી પ્રભાવિત વિદ્યાર્થીઓને મુખ્ય પ્રવાહમાં પ્રવેશ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડી રહ્યું છે.

# EC- POLITCAL ADS

ચૂંટણી પંચે ઇલેક્ટ્રોનિક અને ડિજિટલ મીડિયા પર રાજકીય જાહેરાતોનું નિયમન કરતો આદેશ જાહેર કર્યો છે.આ આદેશ મુજબ, તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો અને વ્યક્તિઓ અથવા સંગઠનોએ તેમની જાહેરાતો પ્રકાશિત કરતા પહેલા મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરિંગ કમિટી - MCMC પાસેથી મંજૂરી મેળવવી આવશ્યક છે.જેના માટે ઉમેદવારો અને વ્યક્તિઓ જિલ્લા MCMC ખાતે પ્રમાણપત્ર માટે અરજી કરી શકે છે.આ નિયમ ટીવી, રેડિયો,પબ્લિક ડિસ્પ્લે સ્ક્રીન, ઈ-પેપર,મોટી સંખ્યામાં SMS,વોઇસ સંદેશાઓ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રદર્શિત થતી જાહેરાતોને લાગુ પડે છે.

કમિશને આ કમિટીને મીડિયામાં પેઇડ ન્યૂઝના શંકાસ્પદ કેસોની નજીકથી દેખરેખ રાખવા અને યોગ્ય પગલાં લેવાનો પણ નિર્દેશ આપ્યો હતો.કમિશને જણાવ્યું હતું કે ઉમેદવારોએ નામાંકન દાખલ કરતી વખતે તેમના સોગંદનામામાં અધિકૃત સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની વિગતો આપવી ફરજિયાત છે.

રાજકીય પક્ષોએ વિધાનસભા ચૂંટણી પૂર્ણ થયાના 75 દિવસની અંદર વિવિધ માધ્યમ દ્વારા કરાયેલા પ્રચાર ખર્ચની વિગતો ચૂંટણી પંચને સુપરત કરવી આવશ્યક છે. ચૂંટણી પંચે મુખ્યચૂંટણી અધિકારીના નેતૃત્વમાં રાજ્ય સ્તરે એક અપીલ સમિતિની પણ રચના કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# Prime Minister - Prince of Kuwait

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વૉંગ, ભારતમાં કઝાકિસ્તાનના રાજદૂત આઝમત યેસ્કારાયેવ અને બાંગ્લાદેશના હાઈ કમિશનર રિયાઝ હામીદુલ્લાહ સાથે મુલાકાત કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું કે, તેમણે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ પર તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ સાથે પોતાના વિચારો રજૂ કર્યા અને

બંને મંત્રીઓએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને લગતા મુદ્દાઓ પર પણ ચર્ચા કરી.તેમણે જણાવ્યું કે, કઝાકિસ્તાનના રાજદૂત સાથેની મુલાકાત દરમિયાન, તેમણે ભારત અને કઝાકિસ્તાન વચ્ચે ભાગીદારીને વધુ મજબૂત બનાવવાના માર્ગો પર ચર્ચા કરી.બાંગ્લાદેશના હાઈ કમિશનર સાથેની મુલાકાત, બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવા પર કેન્દ્રિત હતી.

# SHIVRAJ - AGRICULTURE MEETING

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે દેશની કૃષિ પરિસ્થિતિની સમીક્ષા કરી.આ બેઠકમાં વિવિધ રાજ્યોમાં કમોસમી વરસાદ અને કરા પડવાથી પાકને થયેલા નુકસાન અંગે ચર્ચા કરવામાં આવી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, ખેડૂતોને વહેલી તકે રાહત આપવા માટે તાત્કાલિક સર્વેક્ષણ કરવા અને જરૂરી પગલાં લેવા સૂચનાઓ આપવામાં આવી છે. અને ખેડૂતોને તેમના ઉત્પાદનનો વાજબી ભાવ મળે તે માટે લઘુત્તમ ટેકાના ભાવે સરળ ખરીદી સુનિશ્ચિત કરવામાં આવી છે.

સ્થાનિક જરૂરિયાતોને આધારે ખરીફ પાક માટે વધુ સારી વ્યૂહરચના ઘડવા માટે આગામી ખરીફ સિઝન માટે દેશના વિવિધ પ્રદેશોમાં પ્રાદેશિક પરિષદોનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પણ કૃષિ મંત્રીએ જણાવ્યું હતું.

# INDIAN OPEN - SQUASH

સ્ક્વોશમાં ભારતની તન્વી ખન્ના અને વીર ચોત્રાનીએ ઇન્ડિયન ઓપન 2026 ની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. આજે મુંબઈના CCI બ્રેબોર્ન સ્ટેડિયમમાં 29 વર્ષીય તન્વી ખન્નાએ ક્વાર્ટર ફાઇનલમાં મલેશિયાની આઈના અમાનીને 3-1થી હરાવીને અંતિમ ચારમાં પોતાનું સ્થાન પાછું મેળવ્યું.પુરુષોની ક્વાર્ટર ફાઇનલ મેચમાં ભારતીય ખેલાડી વીર ચોત્રાનીએ ઇજિપ્તના મોહમ્મદ શરાફને 3-0થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો.

દરમિયાન,ભારતના અનાહત સિંહનો સામનો આજે સાંજે બીજા ક્વાર્ટર ફાઇનલ મુકાબલામાં મલેશિયાના સેહવીત્રા કુમાર સામે થશે.

# NHAI- AI DASHCAM

રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ - NHAI લગભગ 40 હજાર કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્ક પર કામગીરી અને સંચાલન માટે AI સંચાલિત ડેશકેમ મોનિટરિંગ સિસ્ટમ રજૂ કરશે.

માર્ગ, પરિવહન અને હાઇવે મંત્રાલયે માહિતી આપી કે, આ પહેલ AI અને મશીન લર્નિંગનો ઉપયોગ કરીને સમગ્ર દેશમાં રાષ્ટ્રીય હાઇવે અને એક્સપ્રેસવે માટે હાઇ-ટેક, ડેટા-આધારિત કામગીરી અને જાળવણીનો ઉપયોગ વધારવાનો છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય હાઇ-રિઝોલ્યુશન ઇમેજરી અને વિડિયો ડેટાનો ઉપયોગ કરીને રિમોટ ટ્રેકિંગ અને રસ્તાની સ્થિતિના મૂલ્યાંકનને વધારવાનો છે.

# ED- ATTACHMENTS

પ્રવર્તમાન નિર્દેશાલય - EDએ પંજાબ અને દિલ્હીમાં પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુની 126 સ્થાવર મિલકતો કામચલાઉ રીતે જપ્ત કરી છે.

EDએ જણાવ્યું કે, આ કાર્યવાહી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ કાયદાની જોગવાઈઓ હેઠળ PACL લિમિટેડ સાથે જોડાયેલા મોટા નાણાકીય છેતરપિંડીના સંદર્ભમાં કરવામાં આવી છે.ગેરકાયદેસર રોકાણ યોજના ચલાવવા બદલ 2014માં CBI દ્વારા નોંધાયેલા કેસના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. EDના જણાવ્યા અનુસાર,આરોપી સંસ્થાઓએ ખેતીની જમીનના વેચાણ અને વિકાસના બહાને દેશભરનાલાખો રોકાણકારો પાસેથી 48 હજાર કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી હતી.

## REV. EVE BADMINTON-ORLEANS MASTERS

ઓર્લિયન્સ માસ્ટર્સ બેડમિન્ટનમાં, આજે મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલ મેચોમાં,તન્વી શર્મા જાપાનની નત્સુકી નિદૈરા સામે ટકરાશે જ્યારે માલવિકા બંસોડનો મુકાબલો ઇશારાની બરુઆ સામે થશે.

જ્યારે ભારતીય જોડી અર્જુન મદાથિલ રામચંદ્રન અને હરિહરન અમસાકરુનન આજે બપોરે ફ્રાન્સના પેલેસ ડેસ સ્પોર્ટ્સ ખાતે મેન્સ ડબલ્સ ક્વાર્ટર ફાઇનલમાં ઇન્ડોનેશિયન જોડી બાગાસ મૌલાના અને લીઓ કાર્નાન્ડો સામે 12-21, 20-22થી હારી ગઈ.